ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૬/૨૨-૨૩/ 983

તારીખ : 31 MAY 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૮૬/૨૨-૨૩

પ્રતિ,

**શ્રી ગ્રામ પંચાયત કચેરી- દુધાળા(લાઠી),**
**મું.દુધાળા(લાઠી), તા.લાઠી,**
**જી.અમરેલી.**

**મો.નં- ૯૯૨૫૬ ૪૮૦૭૬**

**વિષય : અમારા દુધાળા લાઠી ગામના ગ્રાહકોની ફરીયાદો અંગે નિરાકરણ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૨-૨૩/૨૭ તા.૦૩/૦૧/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૨-૨૩/૪૧૦ તા.૩૧/૦૧/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૨-૨૩/૭૪૯ તા.૧૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, **અમરેલી.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **લાઠી.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૬/૨૨–૨૩ ☜

વાદી :– **શ્રી ગ્રામ પંચાયત કચેરી–દુધાળા(લાઠી),**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ગ્રામ પંચાયત કચેરી–દુધાળા(લાઠી) (વાદી ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી** એસ.એલ. પટેલ, **કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, અમરેલી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગ્રામ પંચાયત કચેરી–દુધાળા(લાઠી), મું.દુધાળા(લાઠી) ની દુધાળા(લાઠી) ગામના ગ્રાહકોની ફરીયાદો અંગે નિરાકરણ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૬/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૬/૨૨–૨૩/૨૭ તા.૦૩/૦૧/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૪/૦૨/૨૦૨૩ તથા તા.૨૭/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ગ્રામ પંચાયત કચેરી–દુધાળા(લાઠી) વતી કોઈ હાજર રહેલ નહી તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ. પટેલ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**વાદીશ્રીની રજુઆત નં–૧ તા.નીલ :–**

ઉપરોકત વિષય અન્વયે, આપ સાહેબને જણાવવાનું કે, દુધાળા–લાઠી ગામના પીજીવીસીએલ ગ્રાહકો વ ગ્રામજનો દ્વારા તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ આપશ્રીની કચેરીને નીચે જણાવેલ મુદા મુજબ રજૂઆત કરવામાં આવેલ હતી.

મુદા નં–૧ : દુધાળા લાઠી ગામે તમામ વિજ કનેકશન સોલાર પેનલથી સજ્જ થયેલ હોય આપની કક્ષાએથી સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ થયેલ હોય, પરંતુ, સંપૂર્ણ ગામમાં વપરાશનો પાવર વધ ઘટ થાય છે. વધારે અસર ટી.સી.નં–૨ માં વધુ પ્રોબ્લેમ રહે છે. તથા સાંજના સમયે પાવર ખૂબ જ ડીમ થઈ જાય છે અને અપૂરતો વિજ પ્રવાહ મળતો હોવાથી તથા પાવર વધ ઘટ થવાથી ગામે સંપૂર્ણ ગામમાં આશરે ૨૩૧ ઘરની સોલાર પેનલ સીસ્ટમ બંધ રહે છે અને સોલાર

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પેનલ દ્વારા યુનિટ તદન નહીવત પ્રમાણમાં ઉત્પાદન થાય છે. તથા અપૂરતો વિજ પ્રવાહ મળતો હોવાથી તથા પાવર વધ ઘટ થવાથી ગામે વિજ ઉપરકરણોનો વપરાશ થઈ શકતો નથી તથા વિજ ઉપકરણોને નુકશાન થાય છે.

મુદ્દા નં–૨ : ગામના પાદરમાં આવેલ ABC કેબલ તૂટી ગયેલ છે, તથા ગામે રામજીમંદિર વાળી શેરીમાં ABC કેબલમાં ઝુલો પડી ગયેલ છે. જેથી, વાહન વ્યવહારમાં તથા ખેડૂતોને માલ સામાન ભરીને વાહન લાવવામાં ખૂબ ભય રહે છે.

મુદ્દા નં–૩ : દુધાળા લાઠી ગામે ટોડા ગામ બાજુના વિસ્તારમાં રાત્રિ દરમ્યાન પાવર સાવ ડીમ આવે છે.

આમ, ઉપર જણાવેલ મુદ્દા નં–૧ થી ૩ મુજબની પીજીવીસીએલ ગ્રાહકો વ ગ્રામજનોની ફરીયાદને આજે ૪૦ દિવસથી વધુ સમય વિતી ચૂકયો હોય છતાં, કોઈ પણ પ્રકારનું નિરાકરણ આવેલ નથી. જેથી, વહેલી તકે ઉપરોકત મુદ્દાઓ મુજબનું નિરાકરણ તાત્કાલીક કરી આપવા વિનંતી છે.

<u>વાદીશ્રીની રજુઆત નં–૨ તા.નીલ</u> :–

ઉપરોકત વિષય અન્વયે, આપ સાહેબને જણાવવાનું કે, દુધાળા લાઠી ગામના પીજીવીસીએલ ગ્રાહકો વ ગ્રામજનો દ્વારા મૌખિક રજૂઆત અવાર નવાર કરવામાં આવેલ તથા તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજ પીજીવીસીએલ ઓફીસ લાઠીને લેખિત રજૂઆત કરવામાં આવેલ હતી જેની નકલ આ સાથે સામેલ ગ્રામ પંચાયતની તા.૨૩/૧૨/૨૦૨૨ ની અરજી પેટામાં સામેલ છે.

જે અરજીને આજરોજ ૪૦ દિવસ વિતી ચૂકયા હોવા છતાં, હાલ કોઈ નિરાકરણ આવેલ નથી. જેથી, ગ્રામ પંચાયત કચેરી દ્વારા તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજ તેના રીમાઈન્ડર પેટે એક અરજી કરવામાં આવેલ છે. જે અરજીની નકલ આપ સાહેબને વિદીત થવા વિનંતી. તથા યોગ્ય નિરાકરણ લાવવા આપ સાહેબને નમ્ર વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત–૧ તા.૨૧/૦૩/૨૦૨૩ :–</u>**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અરજદારશ્રી ગ્રામ પંચાયત કચેરી, દુધાળા લાઠીની ફરીયાદ કેસ નં–૮૬/૨૨–૨૩ થી નોંધવામાં આવેલ છે. તેની નકલ અત્રેની કચેરીને મળેલ છે. અરજદારશ્રી ગ્રામ પંચાયત દુધાળા લાઠી ની રજૂઆતના અનુસંધાને અમરેલી વિભાગીય કચેરી તથા લાઠી પેટા વિભાગીય કચેરીના અધિકારીશ્રીઓ દ્વારા સદર સ્થળનું ટેકનીકલ સર્વે કરતા, મુદ્દા નં–૧ : મુજબ પાવરના વધ ઘટના પ્રશ્નના નિરાકરણ માટે ટી.સી.નં–૨ માં PIC અર્થીંગ કરાવવાની જરૂરીયાત જણાતા, સદર ટી.સી.માં તા.૧૩/૦૨/૨૦૨૩ ના રોજ PIC અર્થીંગ કરવામાં આવેલ છે. જેને કારણે વોલ્ટેજ વધ ઘટનું પ્રમાણ ઘટવા પામેલ છે.

મુદ્દા નં–૨ : મુજબ લાઠી પેટા વિભાગીય કચેરીને ABC કેબલની ફાળવણી વિભાગીય કચેરી દ્વારા કરી દેવામાં આવેલી હોય, કેબલ બદલવાની તથા જુદી સર્કીટ કરવાની તેમજ નવી સર્કીટ કરવાની કામીગીરી એપ્રિલ–૨૦૨૩ ના પ્રથમ સપ્તાહમાં કરી પૂર્ણ કરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

મુદા નં–૩ : મુજબ ડીમ પાવરના અનુસંધાને જે તે વિસ્તારમાં ફેઈઝ બેલેન્સીંગ કરવાની કામગીરી હાલમાં પ્રગતિમાં છે જે સમયસર પૂર્ણ કરવામાં આવશે.

આમ, ઉપરોકત રજૂઆતનો સંતોષકારક નિરાકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. તેમજ એપ્રિલ માસમાં સદર રજૂઆતનું કાયમી નિરાકરણ કરવામાં આવશે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત–૨ તા.૨૨/૦૫/૨૦૨૩ :–</u>**

સવિનય જય ભારત સાથ જણાવવાનું કે, અત્રેની કચેરી હેઠળની લાઠી પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા દુધાળા ગામમાં વોલ્ટેજ અંગેની સમસ્યા અંગે સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ નં–૮૬/૨૨–૨૩ દાખલ થયેલ. આ સંદર્ભે લાઠી પેટા વિભાગીય કચેરી દ્વારા નીચે મુજબની કામગીરી તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરી વોલ્ટેજ અંગેની સમસ્યાનું નિરાકરણ કરવામાં આવેલ છે.

કુલ ૨(બે) ટ્રાન્સફોર્મરના ૨(બે) PIC અર્થીંગ કરવામાં આવેલ છે. જેથી વોલ્ટેજ વધ ઘટનું પ્રમાણ નિવારી શકાયેલ છે.

૩ ફેઈઝ નો ૧૬ ગાળાનો LT AB કેબલ નવો નાંખી બંને ટ્રાન્સફોર્મરમાંથી LT ની ડબલ સર્કીટ કરવામાં આવેલ છે. જેથી, લો વોલ્ટેજ તથા હાઈ વોલ્ટેજની સમસ્યા નિવારી શકાયેલ છે. તથા ૧(એક) ટ્રાન્સફોર્મરમાંથી અલગ ૪(ચાર) ગાળાનો ન્યુટ્રલ વાયર ખેંચવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્ણ કરી દુધાળા ગામની વોલ્ટેજની સમસ્યાનું નિરાકરણ કરવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી ગ્રામ પંચાયત કચેરી, દુધાળા લાઠી ગામના સરપંચ તથા અન્યો દ્વારા ગામના પાવર સપ્લાયમાં થતી વધ ઘટ તેમજ ડીમ પાવરને લઈને સોલાર સીસ્ટમ બંધ હોવાની અને ABC કેબલ તૂટી જવા, જેવા પ્રશ્નોને લઈને ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની રજૂઆતને લઈને ફોરમ દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૩ તેમજ તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં,વાદી હાજર રહેલ નહી. જયારે, પ્રતિવાદી એ હાજર રહી જવાબ રજૂ કરેલ છે તથા મૌખિક રજૂઆતો કરેલ છે.

૩.૩ આ કેસમાં બંને પક્ષોએ જણાવ્યા અનુસાર ગામ દુધાળા તા.લાઠી ના તમામ વિજ કનેકશનો સોલાર પેનલ આધારીત છે તેમજ ટી.સી નં–૨ માં પાવર વધ ઘટ ને લઈને ડીમ પાવર જેવી પરિસ્થિતિ ઉભી થતા ૨૩૧ ઘરની સોલાર પેનલ બંધ રહે છે.

વધુમાં, વિજ ઉપકરણો ને પણ નુકશાન થાય છે. આ સાથે ABC કેબલ તૂટી જતાં, ઝુલો પડી જતા વાહન વ્યવહારમાં પણ તકલીફ ઉભી થાય છે.

૩.૪ તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજની પ્રથમ સુનાવણીમાં પ્રતિવાદી દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલ મુજબ ગામના ટી.સી નં–૨ માં PIC અર્થીંગ તા.૧૩/૦૨/૨૦૨૩ ના રોજ કરી આપેલ છે. જેને લીધે વોલ્ટેથ વધ ઘટ નું પ્રમાણ ઘટવા પામેલ છે. તેમજ ABC કેબલની કામગીરી કરવામાં આવેલ છે અને ફેઈઝ બેલેન્સીંગ ની કામગીરી પ્રગતિ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

માં છે. સદરહુ સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા પીજીવીસીએલ ને અર્થીંગ બેલેન્સીંગ ની કામગીરી તુરંત પૂર્ણ કરવા જણાવવામાં આવેલ.

૩.૫ તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજની રૂબરૂ સુનાવણીમાં પણ વાદી હાજર રહેલ નહી. પ્રતિવાદીએ કરેલ કાર્યવાહી નો અહેવાલ રજૂ કર્યા મુજબ પ્રતિવાદી દ્વારા મેઈન્ટેનન્સને લગતી ૨ ટીસી ના PIC અર્થિંગ, લોડ બેલેન્સીંગ કરી RYB લોડ બેલેન્સ કરી આપેલ છે. લો વોલ્ટેજ ને લઈને હળવા દબાણની લાઈનોમાં દરેક પોલ પર લોડ બેલેન્સીંગ કરી RYB લોડ બેલેન્સ કરી આપેલ છે. ૩ ફેઈઝ નો ૧૬ ગાળાનો LT AB કેબલ નવો નાંખવામાં આવેલ છે અને LT સર્કીટ ડબલ કરવામાં આવેલ છે. તથા એક ટી.સી.માંથી ૪ ગાળાનો વાયર ખેંચવામાં આવેલ છે.

૩.૬ આ તબકકે ફોરમને જણાય છે કે, વાદી ફોરમ દ્વારા આપવામાં આવેલ સુનાવણીની એક પણ તારીખોમાં હાજર રહેલ નથી, કોઈ મુદત માંગેલ નથી કે અન્ય કોઈ પત્ર વ્યવહાર કરેલ નથી.
ઉપરોકત સંજોગોમાં પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા મેઈન્ટેનન્સ ને લગતી શકય એટલી તમામ કામગીરી પૂર્ણ કરી આપવામાં આવેલ છે તથા તેના અહેવાલની નકલ પણ વાદીને આપવામાં આવેલ છે. આમ, વાદીની ફરીયાદનું નિરાકરણ કરવામાં આવેલ હોઈ, ફોરમે હવે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૭/૦૪/૨૦૨૩.